રાજસ્થાનથી કપાસ ભરીને વડાલી આવતી ટ્રક પલ્ટી ખાતાં ૬ના મોત

આઈશર ટ્રકના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પલટી મારી ગઈ હતી. ટ્રક પલટી મારતા ટ્રકમાં સવાર નાગરીકોની ચીસોથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ટ્રકમાં સવાર નાગરીકો જંગલમાં આમથી તેમ ઈજા પામેલી હાલતમાં મદદ માટે પોકાર પાડી રહ્યા હતા. બનાવ સ્થળે તાત્કાલીક આસપાસના રહીશો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો આવી પહોંચ્યા હતા અને ઘટનાસ્થળે મૃત્યુ પામનારમાં બાબુરામ મનરારામ ગામેતી - સડા, લાડુરી દગતભાઈ ગામેતી - સડા, મમરા પાબુરીભાઈ ગામેતી - સડા, રાજુ મેરાભાઈ ગામેતી - સડા, ગુજરાભાઈ પુનાભાઈ ગામેતી - સડા તથા સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર શંકરભાઈ હાંસાભાઈ પારધી- સડાનો સમાવેશ થાય છે.

ખેડબ્રહ્મા, તા. ૧૮

રાજસ્થાનના સડા ગામેથી કપાસ ભરીને ઈડર નજીક વડાલી જીનમાં આવી રહી હતી. તે દરમિયાન બપોરના સુમારે મોરસુચા ગામ પાસે અચાનક વાહનચાલકો અને આસપાસના રહિશો તુરંત બચાવકાર્ય માટે આવી પહોંચ્યા હતા. ઈજાગ્રસ્તોને ખેડબ્રહ્મા અને હિંમતનગર હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજસ્થાનના સડા ગામના કપાસ પ્લોટના કપાસ ભરીને વડાલી જીનમાં આવી રહેલી આઈશર ટ્રક નં. જીજે.૯.વી.૭૨૮૮ના ચાલકે આજે બપોરના સુમારે અચાનક ડ્રાઈવરે મોરસુચા ગામ પાસે જંગલમાં ટ્રક પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી. ટ્રક પલટી મારી જવાના આ બનાવમાં પાંચ વ્યક્તિના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જ્યારે ૨ ૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માતને પગલે સમગ્ર વાતાવરણ નાગરીકોની ચીસોથી ગુંજી ઉઠ્યુ હતુ. માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને આસપાસના રહિશો તુરંત બચાવકાર્ય માટે આવી પહોંચ્યા હતા. ઈજાગ્રસ્તોને ખેડબ્રહ્મા અને હિંમતનગર હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા નજીકની જીતપુર શાળામાં તસ્કરો ત્રાટક્યા

તસ્કરો કોમ્પ્યુટર લેબમાંથી એલસીડી ઉઠાવી ગયા : કેશલેસ આર્થિક વ્યવહારો પછી પણ છુટાછવાયા ચોરીના બનાવો : ડૉગ સ્કોડ બોલાવી પોલીસે તપાસ આદરી

મોડાસ, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં ગત રાત્રે વાહનવ્યવાહરથી ધમધમતા મોડાસા-શામળાજી હાઈવે ઉપર મરડીયા બસ સ્ટેન્ડ સામે જ આવેલી જીતપુરની શ્રીમતી સી.એમ. સુથાર હાયર સેકન્ડરી સ્કૂલમાં ગત રાત્રે ત્રાટકેલા તસ્કરોએ શાળાનું તાળુ તોડી અંદર પ્રવેશી કોમ્પ્યુટર લેબમાંથી ૪૨ ઈંચનું કિંમતી એલસીડી ચોરી જતા શાળા સત્તાવાળાઓ દ્વારા આ અંગે મોડાસા રૂરલ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા ડૉગ સ્કોડ અને એફએસએલ બોલાવી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નોટબંધી પછી હવે કેશલેસ આર્થિક વ્યવહારો શરૂ થતાં રોકડ રકમની ચોરીના બનાવો નામશેષ થઈ રહ્યા છે ત્યારે શિયાળાની હાડ થીજવતી કડકડતી ઠંડીમાં નિશાચરોએ હવે શાળાઓને નિશાન બનાવવાનું નક્કી કર્યું હોય તેમ ગત રાત્રે તસ્કરો મરડીયા પાસે આવેલી જીતપુર હાયર સેકન્ડરી સ્કૂલને નિશાન બનાવી હતી.

ચોરી થયાની જાણ થતાં જ સંસ્થાના પ્રમુખ શામળભાઈ પટેલ અને આચાર્ય એચ.ડી. પટેલ શાળાએ દોડી જઈ રૂરલ પોલીસમથકે જાણ કરતા પોસઈ એમ.પી. ચૌહાણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને તપાસ શરૂ કરતાં શાળાનું તાળુ તોડી અંદર પ્રવેશેલા તસ્કરોએ કોમ્પ્યુટર લેબમાંથી ૪૨ ઈંચનું અંદાજે રૂ. ૩૫૦૦૦ની મત્તાનું એલસીડી ચોરી પલાયન થઈ ગયા હતા. ચોર ઈસમોએ શાળાના આચાર્યની ઓફિસનું પણ તાળુ તોડી તેમાં બધુ વેરણછેરણ કરી નાખ્યું હતું. રૂરલ પીએસઆઈ ચૌહાણે ડૉગ સ્કોડ અને એફએસએલ બોલાવી વધુ તપાસ હાથ ધરી છે.

નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળામાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ભૂલકાઓ અને શાળા પરિવારના શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પર્વે શાળાના બાળકોને બોર અને ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સાતોલીયું, પગથીયા, લંગડી, ખો-ખો, લખોટી, ભમરડા જેવી વિસરાતી રમતોને મળ્યો નવો ઓપ

રોટરી ક્લબ દહેગામ દ્વારા 'હેપી સ્ટ્રીટ દહેગામ'નો શુભારંભ ૮ જાન્યુઆરીથી થયો છે

ગાંધીનગર, તા. ૧૮

આજનો યુગ મોર્ડન થતો જાય છે. જીંદગી હાઈટચ થતી જાય છે ત્યારે સમય સાથે તાલ મેળવવામાં આપણે ઘણું બધુ મનગમતુ પાછળ છોડીને પ્રગતિના પંથે દોડ્યા કરીએ છીએ. સમય અને યોગ્ય સ્થળનો અભાવ સ્વાસ્થ્ય અને આનંદ આડે અંતરાય બનતો જાય છે. ત્યારે દહેગામના નગરજનો માટે દર રવિવારે સવારે સ્વાસ્થ્ય અને ખુશાલીનો સુંદર અવસર બનીને આવે છે ''હેપી સ્ટ્રીટ-દહેગામ''

વિદેશમાં અને ભારતના પૂણે, નાગપુર, અમદાવાદ જેવા મેગા સીટીમાં થતા ખાસ પ્રકારના આયોજન પરથી પ્રેરણા લઈ દહેગામમાં પણ 'હેપી સ્ટ્રીટ દહેગામ'નું આયોજન કરાયું છે. 'હેપી સ્ટ્રીટ' એટલે શું તો કહી શકાય કે નગરજનો રવિવારની સવારે કોઈ એક નૈસર્ગિક સ્થળે એકઠા મળે અને સાતોલીયા, પગથીયા, લંગડી, ખો-ખો, લખોડી, ભમરડા જેવી વિસરાતી જતી રમતો ઉપરાંત સંગીત-વક્તવ્ય-પરિસંવાદ તથા રંગોળી, ચિત્રકળા જેવી કળાઓની અભિવ્યક્તિ કરે અને યોગા, એરોબીક્સ નેચરોપથી જેવા સ્વાસ્થ્ય વર્ધક કાર્યક્રમોનો નિઃશુલ્ક લ્હાવો લે એવા કાર્યક્રમને 'હેપી સ્ટ્રીટ' કહેવાય છે.

નિરંતર સમય સુધી ચાલનાર આ પબ્લીક ઈવેન્ટમાં નગરજનો અનેકવિધ રમતો-યોગા-મ્યુઝિક વગેરેનો ભરપુર લાભ લઈ રહ્યા છે. ઉપરાંત ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે માતૃભાષા અભિયાન અંતર્ગત અહીં પુસ્તક પરબ પણ ચાલે છે. જ્યાંથી નગરજનો નિ-શુલ્ક ઉત્તમ પુસ્તકો મેળવી અને વાંચી શકે છે. અહીં એક 'હેપી બાસ્કેટ' પણ છે જ્યાં નગરજનો પોતાની બીનજરૂરી વસ્તુઓ જેવી કે વસ્ત્રો, સ્વેટર્સ, પગરખાં, રમકડા વગેરે દાન આપે છે જે જરૂરિયાતમંદ લોકોમાં વહેંચાય છે.

દહેગામના જાણીતા બિલ્ડર ગ્રુપ પૂજા ગ્રુપ ઓફ ડેવલપર્સ દ્વારા મુખ્ય સહયોગી તરીકે શરૂ કરાયેલ આ ઈવેન્ટમાં રોટરી ક્લબ ઓફ દહેગામ ખૂબ જ સક્રિય રીતે કાર્ય કરી રહ્યું છે.

નોટબંધીથી ગુજરાત-દેશની સ્થિતિ ખરાબ થઈ : વાઘેલા

રિઝર્વ બેંકની નિષ્ફળતાને ઉજાગર કરવા તાળાબંધીના કાર્યક્રમ પહેલા ઉપસ્થિત મોટી સંખ્યામાં કાર્યકરો આગેવાનો નાગરિકોને સંબોધન કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, નોટબંધીને કારણે ગુજરાત અને દેશની ખરાબ હાલત થઈ છે. ભાજપ સરકારે લોકોને હાલાકી આપી છે. આજનો કાર્યક્રમ સામાન્ય માણસના અવાજને વાચા આપવાનો છે. આ રાજાશાહી સરમુખત્યાર સરાકરે પણ પોતાના પૈસા બેંકમાં ઉપાડવા પ્રતિબંધ મુક્યો નહોતો પરંતુ આ ભાજપ સરકારને વટીવટની આવડતો નથી. અર્થશાસ્ત્રીઓની સલાહ લીધા વગર જ નોટબંધીનો નિર્ણય કરી દેશની પ્રજાની હાલાકીમાં વધારો કર્યો છે. ગુજરાતમાં કરોડો રૂપિયા જાહેરાત કરી રહ્યા છે. પ્રજા પૈસાના ટેક્સમાંથી પોતાનો સ્વપ્રસિદ્ધિ કરી રહી છે. ૫૦૦ કરોડ રૂપિયાનું આંધણ પોતાના પ્રસિદ્ધિ માથે નાંખ્યું છે. રાજ્યમાં ભાજપ સરકારના શાસનમાં ૨ લાખ કરોડનું દેવું ગુજરાત થઈ ગયું છે. ભાજપે પ્રજાને ઉત્સવોમાં નાંખી દીધું છે. દારુબંધીનું નાટક કરી રહી છે. સામાન્ય માણસો તેમના પોતાના નાણા ઉપાડવા, દિવસો સુધી બેંકોની લાઈનમાં હાલાકી ભોગવી રહ્યા છે ત્યારે ૩૦ટકા જેટલું, કમિશન લઈને કાળા નાણાને ધોળા નાણામાં ફેરવવાનું એક સમાંતર કાળા બજાર મોટી સરકારની મુક સંમતિથી ફુલીફાલી રહ્યું છે.

સેવાસેતુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. તેમાં કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી.

આ કાર્યક્રમ દરમ્યાન ડાયાબીટીસ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે. તેમજ આયુર્વેદિક કેમ્પનું પણ આયોજન કરેલ છે.

આધારકાર્ડ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે, કાર્યક્રમ સ્થળે નાગરિકોને આધારકાર્ડની સુવિધા ઉપલબ્ધ થશે.

બેંકો દ્વારા ઈ-પેમેન્ટ, ડીઝીટલ લોકર, જનધન ખાતા ખોલવા તેમજ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા ડીઝીટલ પેમેન્ટ અંગેની એપ્લીકેશન ડાઉનલોડ કરવા અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવનાર છે જેની તમામ નાગરિકો અને વેપારી વર્ગને લાભ લેવા અપીલ છે.

હાશકારો અનુભવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આશીર્વાદરૂપ સાબિત થઈ હોવાનું શિક્ષણ સાથે સંકળાયેલ સૂત્રોનું માનવું છે. આ પ્રશ્નપત્રોમાંથી સરેરાશ ૨૦ થી ૨૫ ટકા જેટલા પ્રશ્નો ગુણોત્સવની કસોટીમાં પુછાયા હતા તેનો ફાયદો પણ પરિણામમાં જોવા મળશે તેવા સંકેતો શૈક્ષણિક સૂત્રોમાંથી મળી રહ્યા છે.

જિલ્લામાં આજના અંતિમ દિવસે જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા અને તેમણે બાહ્ય મૂલ્યાંકન કર્યુ હતુ. જિલ્લામાં આજે પ્રાથમિક શાસનાધિકારી રાઠોડ અને નાયબ જિલ્લા પ્રા. શાસનાધિકારી સંજયભાઈ પરમાર સહિતના શિક્ષણના અધિકારીઓ પણ બાહ્ય મૂલ્યાંકનમાં જોડાયા હતા.

સંજયભાઈ પરમારે છ થી વધુ શાળાઓની આજે મુલાકાત લીધી હતી. આજે સંપન્ન થયેલ ગુણોત્સવમાં જુદી જુદી એસ.એમ.સી. સાથેની બેઠકોમાં ૫૫૦ થી વધુ સૂચનો પ્રાપ્ત થયા છે.

ગુણોત્સવ દરમ્યાન પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહેલા શિક્ષકો સામે નોટીસ આપી ખુલાસો પુછવામાં આવનાર છે. આ ગુણોત્સવ દરમ્યાન જિલ્લામાં બાળકોએ આપેલ સારા પ્રતિસાદથી તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે.

જંગી વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જીયોલોજી, આર્કીટેક્ટ આસીસ્ટન્ટ, સુપ્રિટેન્ડેન્ટ આર્કીયોલોજીસ્ટ, સ્ટાફ નર્સ, ડ્રાઈવર, વોર્ડ બોયનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના આ કર્મચારીલક્ષી નિર્ણયથી દર વર્ષેઅંદાજે રૂપિયા ૧૩૭૨ કરોડનો ખર્ચ વધશેઅને વિવિધ ભથ્થાઓ તેમજ ઉચ્ચતર પગારધોર, બઢતી તેવા સેવા વિષયક લાભો અંગે થનાર ખર્ચ અલગ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે ૧૧૮૭૩૮ કર્મચારીઓને આ નવા પગારનો લાભ મળવાનો છે તેમાં ૯૯૮૫૨ કર્મચારીઓને રૂપિયા ૧૯૯૫૦, ૧૫૭૨૨ કર્મચારીઓને ૩૧૩૪૦ અને ૩૧૬૪ કર્મચારીઓને ૩૮૦૬૦નો નવો પગાર ૧લી ફેબ્રુઆરી ૨૦૧૭થી ચુકવાશે.

સલમાન નિર્દોષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયો છે. વર્ષ ૧૯૯૮માં જોધપુરમાં હમ સાથ સાથ હૈ ફિલ્મના શુટીંગ દરમિયાન સલમાન ખાન પર ગેરકાયદે રીતે હથિયાર રાખવાનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. જોધપુર કોર્ટની બહાર સલમાનખાનના મોટી સંખ્યામાં ચાહકો પણ ઉપસ્થિત રહ્યા હતા. સલમાનખાનની સામે આર્મ્સ એક્ટની કલમ ૩-૨૫ અને ૨૫ હેઠળ કેસ ચાલી રહ્યો હતો. જો આ એક્ટ હેઠળ પ્રથમ જોગવાઈમાં સલમાનને દોષિત ઠેરવવામાં આવ્યો હતો તો તેને ત્રણ વર્ષની અને બીજી કલમમાં દોષિત રહ્યો હોત તો સાત વર્ષની સજા થઈ હોત પરંતુ કોર્ટે સલમાનખાનને નિર્દોષ છોડી મુક્યો હતો. આર્મ્સ એક્ટની આ જોગવાઈ હેઠળ જો તેને દોષિત ઠેરવવામાં આવ્યો હોત તો તેને ભારે મુશ્કેલી થઈ હોત. આર્મ્સ એક્ટની આ જોગવાઈ હેઠળ ફિલ્મ અભિનેતા સંજય દત્તને છ વર્ષની સજા ફટકારવામાં આવી હતી અને સંજય દત્ત હાલમાં જ જેલમાં સજા પૂર્ણ કરીને બહાર આવ્યો છે.

ટિકિટ કન્ફર્મ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દાખલા તરીકે નવી દિલ્હીથી ચેન્નાઈ સેન્ટ્રલ તમિલનાડુ એક્સપ્રેસમાં રિઝર્વેશન ક્વોટાની અંતર નોંધણી ૬૦૦ કિલોમીટરની છે. આ ટ્રેન માટે નવી દિલ્હી બાદ રિઝર્વ ક્વોટા સીધી રીતે ભોપાલમાં છે. રસ્તામાં આ ટ્રેન આગ્રા, ગ્વાલિયર અને ઝાંસી રેલવે સ્ટેશન ઉપર પણ દેખાય છે. આવી સ્થિતિમાં આ વચ્ચેના સ્ટેશન ઉપર વેઈટીંગ ટિકિટ પુલ્ડ ક્વોટામાં જારી કરવામાં આવે છે. પુલ્ડ ક્વોટામાં જારી કરવામાં આવ્યા બાદ આ ટિકિટો કન્ફર્મ થઈ શકે છે. જ્યારે આ ક્વોટામાં ટિકિટ કેન્સલ કરવામાં આવે છે ત્યારે અન્ય ક્વોટામાં ટિકિટ કેન્સલ થવા પર વેઈટીંગ ક્લિયર થઈ શકતી નથી. સમગ્ર ભારતમાં રેલવેને હજારો એવી ટ્રેનો છે જેમાં ડિસ્ટન્સ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા રહેલી છે. આવી સ્થિતિમાં યાત્રીઓને પરેશાનીનો સામનો કરવો પડે છે. ડિસ્ટન્સ રીસ્ટ્રીકશન અથવા તો અંતર નિયંત્રણ ખતમ થઈ ગયા બાદ યાત્રીઓને જનરલ વેઈટીંગની ટિકિટ અપાય છે.

બજેટની તારીખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટેની તારીખને આગળ વધારી દેવા માટેની માંગણી સતત કરવામાં આવી રહી છે. વિરોધ પક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવી રહી છે કે યુપીએ સરકારના ગાળા દરમ્યાન તારીખોમાં ફેરફાર કરવાની પરંપરા અપનાવવામાં આવી ચુકી છે. વિશ્વસનિય સૂત્રોએ કહ્યું છે કે સરકાર બજેટમાં પાંચ રાજ્યોને લઈને કોઈ મોટી જાહેરાત કરશે નહીં એટલે કે આનો રાજકીય લાભ લેવા માટેના કોઈ પ્રયાસ કરવામાં આવશે નહીં. જોકે આ મામલે ચૂંટણી પંચ સમક્ષ પણ રજુઆત કરવામાં આવી ચુકી છે. ચૂંટણી પંચ દ્વારા કેટલીક બાબતોની નોંધ લેવામાં આવી ચુકી છે. ચૂંટણી પંચ દ્વારા આ સંદર્ભમાં વિચારણા પણ કરવામાં આવી રહી છે. સુપ્રિમ કોર્ટે કેન્દ્રિય બજેટ રજુ કરવાની કાર્યવાહી સ્થગિત કરવા સાથે સંબંધિત અરજીના સમર્થનમાં સામગ્રી અને કાયદાકીય જોગવાઈ રજુ કરવા માટે કહ્યું છે. વકીલ મનોહરલાલ શર્માની અરજી પર સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે સમય લગાવીને યોગ્ય તૈયારી કરવી જોઈએ. સાથે સાથે પુરાવા રજુ કરવા જોઈએ.

જાહેર નિવિદા

કોપીયર (ઝેરોક્ષ)ના રીપેરીંગ કરવા અંગેના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય

બ્લોક નં. ૧૧, ૧૨, ૧૪, રજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

ફોન નં. ૨૩૨૫૫૯૭, ૨૩૨૫૭૫૦૦, ૫૦૩

કચેરીના કોપીયર (ઝેરોક્ષ) મશીન રીપેરીંગ તથા ટોનર, ડ્રમ કાર્ટિજ માટેનો વાર્ષિક જાળવણીની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તારીખ ૨૭/૧/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભર્યેથી મળશે.

સહી/-

અધિક શ્રમ આયુક્ત

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૫૦૫/૧૬-૧૭

ટેન્ડર નોટીસ

ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા)માં મેન પાવર આઉટ સોર્સીંગ ધોરણે મેળવવા અંગેની ટેન્ડર નોટીસ

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) મેન પાવર આઉટ સોર્સીંગ ધોરણે પુરી પાડવા માટે રસ ધરાવતી તેમજ નિયત લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર આમંત્રિત કરે છે.

ઉપર્યુક્ત સેવાઓ પુરી પાડવા અંગેના ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૧/૧/૨૦૧૭થી તા. ૬/૨/૨૦૧૭ સુધી રોકડ અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા રૂ. ૫૦૦/- (પરત નહીં કરવાપાત્ર) ચુકવીને કચેરીના સરનામેથી કચેરી સમય બપોરના ૧૨ થી સાંજના ૪ કલાક દરમિયાન મેળવી લેવાના રહેશે. આ અંગેના ડિમાન્ડ ડ્રાફ્ટ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના નામે ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર હોવા જરૂરી છે. સંપૂર્ણ ભરેલા, સહી અને યોગ્ય રીતે સિક્કા સહિતના ટેન્ડર ફોર્મ તા. ૬/૨/૨૦૧૭ બપોરના ૧૨-૦૦ કલાક સુધી કચેરી ખાતે સ્વીકારવામાં આવશે. ટેન્ડર ભરનાર તમામ એજન્સીએ બીડ સાથે રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દર હજાર પુરા) ઈ.એમ.ડી. પેટે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના નામે ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટથી જમામ કરાવવાના રહેશે. ટેકનીકલ તથા નાણાંકીય બીડ તા. ૬/૨/૨૦૧૭ના રોજ બપોરે ૩ કલાકે ખોલવામાં આવશે.

કોઈપણ કારણ જણાવ્યા સિવાય ટેન્ડર રદ કરવાનો અધિકાર નિયામકશ્રી જેડાને રહેશે.

નિયામકશ્રી

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)

(ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર)

બ્લોક નં. ૧૧-૧૨ ઉદ્યોગ ભવન, ચોથો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩, ફેક્સ ૦૭૯-૨૩૨૪૭૦૯૭, ૫૭૫૫

માહિતી/૨૫૦૬/૧૬-૧૭

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

'વિદ્યાયન' સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

ઈલેક્ટ્રીફિકેશન - રીપેરીંગ કામગીરી બાબત

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની સેક્ટર-૧૦એ ખાતે આવેલ મુખ્ય કચેરી, સેક્ટર-૨૪ ખાતેના સ્ટાફ ક્વાર્ટસ, ગોડાઉન સેક્ટર-૨૫, અસારવા સેલ ડેપો, અમદાવાદ અને અડાલજ ગોડાઉન ખાતે ઈલેક્ટ્રીફિકેશન અને ઈલેક્ટ્રીકની સર્વિસ - રીપેરીંગ કામગીરી વાર્ષિક ધોરણે કરવાની હોવાથી આ પ્રકારની કામગીરી કરતી ગાંધીનગર અને અમદાવાદની સ્થાનિક ઈલેક્ટ્રીક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ કામગીરી માટેનું ટેન્ડર ફોર્મ ઉપરોક્ત સરનામેથી જાગીર શાખામાં રૂ. ૧૦૦/- રોકડા જમા કરાવી તા. ૨૫/૧/૨૦૧૭ સુધીમાં કચેરી કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. ભરેલું ટેન્ડર ફોર્મ બંધ કવરમાં તા. ૪/૨/૨૦૧૭ ના રોજ સાંજના ૧૭.૩૦ કલાક સુધી કચેરીમાં જમા કરાવવાનું રહેશે. કવર ઉપર 'ઈલેક્ટ્રીફિકેશન અને ઈલેક્ટ્રીક રીપેરીંગ-સર્વિસ કામગીરીના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.

માહિતી/૨૫૧૨/૧૬-૧૭ નિયામક

કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ફોન નં. : (૦૭૯) ૬૫૭૨૬૬૬૮

ટેન્ડર નોટીસ

કામધેનુ યુનિવર્સિટીના ત્રીજો પદવીદાન સમારંભ મહાત્મા મંદિર, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજનાર છે. તેના માટે કેટરીંગ કોન્ટ્રાક્ટર પાસેથી ભોજનના ભાવો મંગાવવાના થાય છે.

૧.	બીડ ડાઉનલોડ કરવા માટેની તારીખ	તા. ૧૯/૧/૨૦૧૭થી શરૂ કરી તા. ૨૫/૧/૨૦૧૭ના રોજ ૧૫.૦૦ કલાક સુધી

રસ ધરાવતી પાર્ટીઓ www.ku-guj.org પરથી ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી અને ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૭/૧/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાક સુધીમાં કામધેનુ યુનિવર્સિટી ખાતે મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

માહિતી/૨૫૧૧/૧૬-૧૭ રજિસ્ટ્રાર

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.

(ગુજરાત સરકારનું સાહસ)

એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ (ઈ.ઓ.આઈ.) કમ રીકવેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) ફોર કન્સલ્ટન્સી સર્વીસીસ ઓફ ઈન્ડીપેન્ડન્ટ એન્જીનીયર (આઈ.ઈ.)

પાત્રતા ધરાવતી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ / સંયુક્ત સાહસો તરફથી મરામત અને સંચાલન હેઠળના નીચેના પ્રોજેક્ટો માટે ઓનલાઈન એક્સપ્રેસ ઓફ ઈન્ટરેસ્ટ કમ રીકવેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) મંગાવવામાં આવે છે.

ક્રમ	પ્રોજેક્ટનું નામ	રસ્તાની પહોળાઈ	પ્રોજેક્ટની લંબાઈ (કી.મી.)
૧	**પેકેજ-૨**		
	(૧) ભૂજ-નખત્રાણા રોડ બી.ઓ.ટી. બેઝીસ	૨ લેન+પેવ્ડ સોલ્ડર	૪૫.૦૦
	(૨) કીમ-માંડવી રોડ બી.ઓ.ટી. બેઝીસ	૨ લેન+પેવ્ડ સોલ્ડર	૪૫.૦૦
	(૩) ડીસા-પાંથવાડા-ગુંદરી રોડ બી.ઓ.ટી. બેઝીસ	૨ લેન+પેવ્ડ સોલ્ડર	૪૪.૩૨
	(૪) હિંમતનગર બાયપાસ	૨ લેન+પેવ્ડ સોલ્ડર	૦૮.૭૩
	(૫) ભૂજ-ભચાઉ રોડ (સી.ઓ.ડી. ૨૪ કિ.મી. માટે બાકી)	૨૮ કિ.મી. ૪-લેન	૭૭.૦૦

ઉક્ત પ્રોજેક્ટ પી.પી.પી. (બી.ઓ.ટી.) ધોરણે વિકસીત થયેલ છે. ઓનલાઈન ટેન્ડર www.gsrdc.nprocure.com પર ભરવાના રહેશે. અગત્યની તારીખો નીચે મુજબ છે. વધુ વિગતો માટે www.gsrdc.nprocure.com અને www.gsrdc.com જોવા વિનંતી છે.

ઈ.ઓ.આઈ. માટે અનુસુચિ

૧.	ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા માટેની તારીખ/સમય	તા. ૧૬/૧/૨૦૧૭થી તા. ૨૩/૧/૨૦૧૭
૨.	ડોક્યુમેન્ટની કિંમત	રૂ. ૨૫૦૦૦/- પ્રતિ એક ડોક્યુમેન્ટ માટે ડી.ડી.ના સ્વરૂપમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ચુકવી શકાય તે પ્રમાણે નોન રીફંડેબલ, અને નોન ટ્રાન્સફરેબલ સ્વરૂપમાં આપવાના રહેશે. ઈ.એમ.ડી. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર, વધુ વિગતો માટે વેબસાઈટ જુઓ
૩.	સબમીશન કરવાની સ્થિતિ	ઈ-ટેન્ડરીંગ www.gsrdc.nprocure.com
૪.	ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ/સમય	૨૩/૧/૨૦૧૭ : ૧૬:૦૦ કલાક સુધી
૫.	પ્રિ-ક્વોલીફીકેશન બીડ ખોલવાની તારીખ (ઓનલાઈન)	૨૩/૧/૨૦૧૭ : ૧૬:૩૦ કલાક સુધી
૬.	ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભૌતિક સ્વરૂપે રજૂ કરવાની તારીખ / ટાઈમ	ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.ની સ્કેન કોપી ટેન્ડર દસ્તાવેજોની સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. તેના મુળ દસ્તાવેજો જી.એસ.આર.ડી.સી. ખાતે તા. ૨૪/૧/૨૦૧૭થી ૩૧/૧/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન એટલે કે ૧૧:૦૦ થી ૬:૦૦ કલાક સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોલવાના રહેશે. નિયત સમયથી પહેલા / પછી અન્ય કોઈપણ માધ્યમથી સાદર કરેલ ટેન્ડર ફી / ઈ.એમ.ડી. જી.એસ.આર.ડી.સી. ખાતે સ્વીકારવામાં આવશે નહીં. તેમજ આ દસ્તાવેજો ભૌતિક રીતે રજૂ કરવામાં નહીં આવ્યેથી જી.એસ.આર.ડી.સી. દંડનીય પગલાં લેવા હકદાર રહેશે.

જનરલ મેનેજર (પ્રો.)

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ., ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫, ફેક્સ નં. Email : gsrdc@gmail.com

માહિતી/૨૫૦૧/૧૬-૧૭